# અરવલ્લીના ૩૦૮ તલાટીઓએ રેવન્યુ કામગીરીનો બહિષ્કાર કર્યો

## ઓનલાઈન હાજરી પુરવાના વિરોધમાં તલાટીઓ પંચાયત સીવાયના કોઈ કામ નહીં કરે

રાજ્ય પંચાયત વિભાગે તલાટીઓ પંચાયતોમાં હાજર રહેતા ન હોવાની વ્યાપક ફરિયાદો બાદ ઈ ટાસ એપ્લિકેશનના માધ્યમથી તલાટીઓને ઓનલાઈન હાજરી પુરવા ફરજીયાત કર્યું છે. જો કે રાજ્યભરના તલાટીઓ આ મુદ્દે સરકાર સામે વિરોધ કરી રહ્યા છે જેના પગલે અરવલ્લી જિલ્લાના તલાટીઓએ પણ પંચાયત સીવાયની કોઈ કામગીરી ન કરવા રેવન્યુ કામગીરીનો ૨ ડિસેમ્બરથી બહિષ્કાર કર્યો છે.

આ અંગે અરવલ્લી જિલ્લા તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ બી.આઈ. ચડી અને મહામંત્રી વિરેન્દ્રભાઈ જે. પટેલે જણાવ્યું હતું કે ઈ ટાસ એપ્લિકેશન દ્વારા તલાટીઓની ઓનલાઈન હાજરી પુરવા માટે રાજ્ય પંચાયત વિભાગે તલાટી કમ મંત્રીઓને આદેશો કર્યા છે. જો કે રાજ્યભરના તલાટીઓએ આ અંગે વિરોધો વ્યકત કર્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લા તલાટી કમ મંત્રી મંડળે પણ ૩૦ નવેમ્બરના રોજ અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું અને તેમાં જણાવ્યું હતું કે જો ઈ-ટાસની અમલવારી બંધ કરવામાં નહીં આવે તો આગામી ૨ ડિસેમ્બરથી તલાટી કમ મંત્રી રેવન્યુ કામગીરીનો બહિષ્કાર કરવામાં આવશે તેમજ એન્ડ્રોઈડ મોબાઈલનો સંપૂર્ણ બહિષ્કાર કરાશે. તથા ગામે હાજરી આપી ફક્ત પંચાયતની જ કામગીરી કરવામાં આવશે તેમજ વધારાની કોઈ કામગીરી કરીશું નહી.

ગુજરાત રાજ્ય તલાટી મહામંડળ દ્વારા સૂચવેલ દિશા મુજબ અરવલ્લી જિલ્લા તલાટી કમ મંત્રી મંડળના ૩૦૮ તલાટીઓએ ૨ ડિસેમ્બરથી ઓનલાઈન હાજરી પુરવાના વિરોધમાં રેવન્યુ કામગીરી બંધ કરી હતી. જ્યારે જ્યાં સુધી તલાટીઓની સમસ્યાનું સમાધાન નહી થાય ત્યાં સુધી રેવન્યુ કામગીરી બંધ રાખવામાં આવશે તેવું જાણવા મળ્યું હતું.

### તલાટીઓએ રેવન્યુ કામગીરી બંધ કરતાં શું અસરો પડશે ?

સમગ્ર રાજ્ય સહિત અરવલ્લી જિલ્લાના તલાટી કમ મંત્રીઓએ રેવન્યુ કામગીરી બંધ કરી દીધી છે અને જ્યાં સુધી તલાટીઓની સમસ્યાનું સમાધાન નહીં થાય ત્યાં સુધી રેવન્યુ કામગીરી બંધ રાખવામાં આવશે. રેવન્યુ કામગીરી બંધ કરી દેવાથી ખેડૂતોને પાક વીમા માટે લેવાના પાણી પત્રક મેળવવામાં મુશ્કેલીઓ થાય તેમજ રેવન્યુ વસૂલાત ઉપર માઠી અસર પડે, લોકોને પેઢી નામુ મેળવવામાં તકલીફ પડે, ગ્રામજનોને પંચાયતમાંથી લેવા પડતા વિવિધ દાખલાઓ મેળવવામાં મુશ્કેલી સહિતના અને વિઘ્નો પેદા થઈ શકે.

### અરવલ્લી જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના ૧૪૩૯ તલાટીઓ ઈ-ટાસની અમલવારીના વિરોધમાં

રાજ્યના તલાટીઓ ઓનલાઈન હાજરી પુરવા મુદ્દે સરકારના વિરોધમાં પડ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લા અને ગાંધીનગર જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના ૧૪૩૯ તલાટીઓએ રેવન્યુ કામગીરીનો ૨ ઓગસ્ટથી બહિષ્કાર કર્યો છે. ત્યારે મહેસાણાના ૧૭૮, બનાસકાંઠાના ૪૨૧, પાટણના ૧૯૯, સાબરકાંઠાના ૧૮૧. અરવલ્લીના ૩૦૮ અને ગાંધીનગરના ૧૫૨ મળી ૧૪૩૯ તલાટીઓએ રેવન્યુ કામગીરી બંધ કરી હતી.

જિલ્લામાં પોલીસ પરિવારજનોના પ્રશ્નો, સમસ્યાઓ અને મુશ્કેલીઓના સમાધાન માટે

# મહેસાણા જિલ્લામાં પોલીસ અધિક્ષકના અધ્યક્ષ સ્થાને ‘‘પોલીસ પરિવાર સંવાદ’’ કાર્યક્રમનું આયોજન

## મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષક મનિષસિંહનો નાવીન્ય-સંવેદના અભિગમ

મહેસાણા, તા. ૩

દેશનાં અન્ય રાજ્યોની સરખામણીમાં આપણા રાજ્યમાં શાંતિ અને સલામતી અન્ય રાજ્યો માટે ઉત્તમ ઉદાહરણરૂપ છે. સમગ્ર દેશમાં ગુજરાતને સૌથી વધુ સલામત માનવામાં આવે છે. આ માટે આપણી પ્રજાની શાંતિપ્રિયતા અને રાજ્ય પોલીસની સતર્કતા અભિનંદનને પાત્ર છે.

પોલીસ કર્મયોગીઓની ખડેપગે સેવાના પગલે પોલીસે તેની અનોખી છાપ ઉભી કરી છે. પોલીસ વિભાગની પ્રશંસનીય કામગીરી તેની એક બાજુ છે જ્યારે બીજી બાજુ જોઈએ તો પોલીસ કર્મયોગીઓ રાત-દિવસ કાર્યરત હોય છે જેના પગલે તેમના પરિવારજનોને સમય આપી શકતા નથી. પોલીસ કર્મયોગીઓ સતત પેટ્રોલિંગ, જપ્તા, કોર્ટ, સુરક્ષા, બંદોબસ્ત જેવી અનેક કામગીરી કરતો હોય છે.

આપણે જોઈએ છે કે કોઈ પણ તહેવાર હોય પોલીસ કર્મયોગીઓ આપણને સેવા આપતા નજરે પડે છે. શુ એક વાર પણ આપણે વિચાર કરીએ છીએ કે તેના પરીવાર સાથે આજે કેમ નથી તેનું કારણ એ છેકે તેની ફરજનું સંપુર્ણપણે નિષ્ઠાપુર્વક પાલન કરી આપણી સુરક્ષા માટે તે કામ કરતો હોય છે.




પોલીસ કર્મયોગીઓની ચિંતા જિલ્લાના સંવેદનશીલ જિલ્લા પોલીસ અધિક્ષક મનિષસિંહ દ્વારા કરાઈ છે. તેમણે અનોખી પૃતૃ વત્સલ સંવેદના દાખવી પોલીસ મોભીની ફરજ પુરી કરી છે પોલીસ જવાનો અને તેમના પરિવારજનો વચ્ચે તણાવ મુક્ત વાતાવરણ સર્જાય તે માટે જિલ્લા પોલીસ અધિક્ષકે આગવી પહેલ કરી છે.

જિલ્લાના પોલીસ કર્મયોગીઓ માટે સૌ પ્રથમ તેઓ પોતાના પરીવારજનો સાથે રહી શકે તે માટે તેમણે માંગ્યા મુજબની જગ્યાએ બદલી કરવામાં આવી છે. આ પ્રકારના સરાહનીય પ્રયાસથી પોલીસ કર્મયોગીઓમાં ઉત્સાહ જોવા મળ્યો છે.

પોલીસ કર્મયોગીઓ સતત કામ કરતા હોય છે તેઓના કામના પ્રકારના પગલે તેઓ સતત વ્યસ્ત રહેતા હોય છે આ સમયે પોલીસ કર્મયોગીઓ મુક્ત રીતે તેમના પરિવારજનો સાથે આનંદ માણી શકે તે માટે પોલીસ હેડકવાર્ટરના ઓડીટોરીયમ હોલમાં દર રવિવારે ફિલ્મ દર્શાવવાની શરૂઆત કરાઈ છે.

પોલીસ કર્મયોગીઓને માંગ્યા મુજબ પોસ્ટીંગ, દર રવિવારે ફિલ્મની મજા સાથે વધારામાં પોલીસ પરીવારના પ્રશ્નોના નિવારણ માટે ‘‘પોલીસ પરિવાર સંવાદ’’ કાર્યક્રમનું આયોજન જિલ્લા પોલીસ અધિક્ષક મનિષસિંહના અધ્યક્ષસ્થાને કરાયુ હતુ જેમાં જિલ્લાના ૧૦૫૦થી પોલીસ કર્મયોગીઓના પરિવારો જોડાઇ તેમના પ્રશ્નો-રજુઆતોનું સ્થળ પર નિરાકરણ કરવામાં આવ્યું હતુ.

# તલોદ તાલુકામાં મિશન ઈન્દ્રધનુષ ૨.૦નો પ્રારંભ

તલોદ, તા. ૩

તલોદ તાલુકાના બાળકો અને સગર્ભા બહેનોના રસીકરણ માટે સઘન ઈન્દ્રધનુષ કાર્યક્રમનું માર્ચ ૨૦૨૦ સુધી આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમનો પ્રારંભ તાલુકા હેલ્થ કચેરી, તલોદ ખાતેથી કરવામાં આવ્યો છે. જે અંતર્ગત લક્ષ્યાંક મુજબ બાળકો અને સગર્ભા બહેનોનુ રસીકરણ કરવામાં આવ્યુ છે.

તલોદ તાલુકાના તમામ બાળકોને તેમજ સગર્ભા બહેનો માતાઓને સમયસર અને પુરતી રસી મળી રહે તે હેતુથી સઘન મીશન ઈન્દ્રધનુષ કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત વિસ્તારના તમામ ઘરેલુ અને ખાસ કરીને સ્થળાંતર વસ્તી, ઝૂંપડપટ્ટી, ઈંટોના ભઠ્ઠા, બાંધકામ વિસ્તાર, કારખાનાનો વિસ્તાર, ગામડાના સીમ વિસ્તાર, ખેત મજુર જેવી તમામ વસ્તીને સર્વે કરીને તેમાં મળી આવતા અરક્ષિત બાળકો અને સગર્ભા બહેનોને રસી અપાશે. મીશન ઈન્દ્રધનુષ કાર્યક્રમ ડિસેમ્બર-૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦ સુધી તલોદ તાલુકામાં સલાટપુર, અહમદપુરા, ઉજેડીયા, તલોદ-અ, તાજપુર કેમ્પ સબસેન્ટરમાં પાંચ સેશનનું આયોજન તાલુકા હેલ્થ કચેરી તલોદ દ્વારા કરાયુ છે.

જે મુજબ સઘન મીશન ઈન્દ્રધનુષ ૨.૦નો કાર્યક્રમનો તા. ૨-૧૨-૧૯ થી શુભારંભ કરી તા. ૩-૧૨-૧૯ સુધીમાં ૫ સેસન યોજવામાં આવ્યા છે. આ કાર્યક્રમનું સુરપરવિઝન ટી.એચ.ઓ. તલોદ તેમજ પ્રા.આ.કે.ના એમ.ઓ., આયુષ એમ.ઓ. તેમજ સુપરવાઈઝરે કર્યુ. તેમજ ડબલ્યુ એચ.ઓ. દ્વારા પણ તમામ સેસનનું મોનીટરીંગ કરવામાં આવ્યુ અને આઈએમઆઈ ૨.૦ મમતા સેસનમાં લક્ષ્યાંક મુજબના તમામ ૦ થી ૨ વર્ષના બાળકો અને તમામ સગર્ભા માતાને આવરી લઈ ૧૦૦ ટકા કામગીરી કરી છે.



## બહેડિયા-૧ પ્રાથમિક શાળામાં વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી

વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી ખેડબ્રહ્મા તાલુકાની વરતોલ સીઆરસીની બહેડિયા-૧ પ્રા. શાળામાં કરવામાં આવી. જેમાં વિકલાંગ બાળકોને એસ્કોર્ટ-ટ્રાન્સપોર્ટ એલાઉન્સ બાળકદીઠ- ૨૫૦૦ રૂપિયા લેખે ચેક દ્વારા આપવામાં આવ્યા. વિકલાંગ બાળકોને શાળા તરફથી શૈક્ષણિક કીટ આપવામાં આવી. વિકલાંગ બાળકો દવારા ખુબજ સારી પ્રવૃતિઓ રજુ કરવામાં આવી જેને ગામ લોકોએ ખુબજ વધાવી હતી. આ કાર્યક્રમ મે.જિ.પ્રા.શિ.અ.મીતાબેન ગઢવી તથા જિલ્લા આઈઈડી કો.ઓ. કિર્તીસિંહ ચૌહાણ તથા બીઆરસી ખેડબ્રહમા પી.બી. જોષીના માર્ગદર્શન હેઠળ બીઆરપી આઈઈડી અનિલભાઈ પટેલ તથા વરતોલ સીઆરસી અમિતભાઈ પટેલની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમની ઉજવણી કરાઈ હતી. જેમાં શાળાના આચાર્ય એસ.એલ. પરમાર તથા એસ.એમ.સી. સભ્યો તથા શાળાના શિક્ષકો દ્વારા ખુબજ સારૂ આયોજન કરવામાં આવ્યું હતુ.



ગાંધીનગર જિલ્લાના માણસા નજીકના સોલૈયા ગામે સંજયગીરી ભારતીબાપુની વ્યાસપીઠે ત્રિદિવસીય શિવકથા યોજાઈ હતી. સમગ્ર સોલૈયા ચૌધરી સમાજ દ્વારા આયોજિત આ શિવકથાનો મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભાવિકોએ લાભ લીધો હતો.

## ગાંધીનગર ખાતે યોજાનાર કલા મહાકુંભમાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારો જોગ

રમત, ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે કલા મહાકુંભનું આયોજન કરવામાં આવશે. જે અંતર્ગત સંગીત વિભાગ ( ગાયન, વાદન ), નૃત્ય વિભાગ અને અભિનય વિભાગની જુદી જુદી સ્પર્ધાઓનો સમાવેશ થાય છે. તો કલા ક્ષેત્રે રસ ધરાવતા સ્પર્ધકોને ભાગ લેવા તા. ૨ થી ૩૧ મી ડિસેમ્બર સુધીમાં અરજી ફોર્મ મેળવી અને ભરીને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ સહયોગ સંકુલ-૧૧, ગાંધીનગર ખાતે જમા કરાવવાની રેહશે.

## ગાંધીનગર ખાતે જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા ચિલ્ડ્રન એક્ટિવિટી વર્કશોપનું આયોજન

ગાંધીનગર જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા ચિલ્ડ્રન એક્ટિવિટી વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે. આ વર્કશોપમાં સંગીત, નૃત્ય, નાટક, ચિત્ર વગેરે જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવશે. આ વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છતા બાળકોએ સાદા કાગળમાં અરજી કરીને તા. ૭મી ડિસેમ્બર, ૨૦૧૯ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે મોકલી આપવા જિલ્લા યુવા વિકાસ અધિકારીએ જણાવ્યું છે.

## ખેલ મહાકુંભની રાજયકક્ષાની ફુટબોલ ઓપન બહેનોની સ્પર્ધામાં બનાસકાંઠાની ટીમ વિજેતા

રમત,ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સ્પે ખેલમહાકુંભ- ૨૦૧૯ અંતર્ગત ફુટબોલ ઓપન બહેનોની રાજયકક્ષાની સ્પર્ધાનું આયોજન ગાંધીનગરની ચિલ્ડ્રન યુનિવર્સીટી, સેકટર-૨૦ ખાતે કરાવમાં આવ્યું હતું. રાજયકક્ષાની ઓપન વયજુથ બહેનોની ફાઈનલ સ્પર્ધા બનાસકાંઠા દ્દ/જ વડોદરા શહેર વચ્ચે યોજાઈ હતી. જેમાં બનાસકાંઠા ૭-૦ થી વિજેતા થઈ હતી. ખેલાડીઓને સ્પર્ધા સ્થળે પ્રોત્સાહિત કરવા અગ્ર સચિવ સી.વી.સોમ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર પરેશ પટેલ, જિલ્લા રમત ગમત અધિકારી મહેશ ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં.

# અમદાવાદમાં હિટ એન્ડ રન પ્રકરણમાં શૈલેષ પરમારનો ડ્રાઈવર હાજર થયો

અમદાવાદ, તા.૩

શહેરના મેમનગર વિસ્તારમાં દિવ્યપથ હાઈસ્કૂલવાળા રોડ પર આવેલા ગોકુલ ફલેટ્સ એન્ડ રોહાઉસના ટર્નીંગ પાસે ગઈકાલે રાત્રે પૂરપાટ ઝડપે ઈનોવા કાર ચલાવી એક એકટીવાચાલકને ઉડાવી મોત નીપજાવવાના ચકચારભર્યા બનાવમાં આ ઈનોવા કાર કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારની હોવાનું સામે આવતાં સમગ્ર મામલો ગરમાયો છે. વિવાદ વકરતાં આજે કોંગી ધારાસભ્ય શૈલેષ પરમારનો આરોપી ડ્રાઈવર દેવેન્દ્ર ભાવસાર કાર સાથે પોલીસ સમક્ષ હાજર થઇ ગયો હતો. પોલીસે સમગ્ર મામલે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બીજીબાજુ, ભોગ બનનાર એકટીવાચાલકના પરિવારમાં તો શોકનો માતમ પથરાયો છે. મૃતકની પત્નીએ ચોધાર આંસુએ રડતાં રડતાં આરોપી ડ્રાઈવર પર આક્રોશ ઠાલવતાં જણાવ્યું હતું કે, અમે હવે નોધારા થઈ ગયા, અમારું કોણ ? મારા છોકરાઓ હજુ નાના છે, તેમને કોણ ભણાવશે અને હવે હું કોના સહારે જીવીશ. મારે ન્યાય જોઈએ છે બસ મને ન્યાય અપાવો. અમે અમારા ઘરનો મોભી ગુમાવ્યો છે, હવે અમે કોના સહારે જીવીએ? અકસ્માત બાદ ધારાસભ્યએ તેમના પર શું વીતી રહી છે તે જોવાની પણ દરકાર કરી નથી. અમારી ઊંઘ હરામ કરીને તે ઊંઘી રહ્યો છે, મારા પતિને જો સમયસર સારવાર મળી હોત તો તેમનો જીવ બચી ગયો હોત.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે રાત્રે શહેરના મેમનગર વિસ્તારમાં દિવ્યપથ હાઈસ્કૂલવાળા રોડ પર આવેલા ગોકુલ ફલેટ્સ એન્ડ રોહાઉસના ટર્નીંગ પાસે ગઈકાલે રાત્રે પૂરપાટ ઝડપે ઈનોવા કાર ચલાવી એક એકટીવાચાલક પ્રફુલભાઈ પટેલ(સત્તાધાર, સ્વાગત એપાર્ટમેન્ટ)ને ઉડાવી ઈનોવાનો ચાલક ફાર થઈ ગયો હતો. અકસ્માત વખતે ગોકુલ ફલેટ્સ એન્ડ રોહાઉસના જાગૃત યુવકોએ તાત્કાલિક ૧૦૮ બોલાવી

ઈજાગ્રસ્ત પ્રફુલભાઈને સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાવવા માટેની તજવીજ હાથ ધરી હતી. જો કે,ગંભીર ઈજાઓ થવાના કારણે પ્રફુલભાઈ પટેલનું કરૂણ મોત નીપજયું હતું. સમગ્ર બનાવના સીસીટીવી ફુટેજ સામે આવતાં ઈનોવા કારના ચાલકની ફુલસ્પીડ અને ગંભીર બેદરકારી સામે આવી હતી. પ્રાથમિક પોલીસ તપાસમાં આ ઈનોવા કાર કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારની હોવાનું સામે આવ્યું હતું. જો કે, શૈલેષ પરમારે સ્પષ્ટતા કરી હતી કે, બનાવ બન્યો ત્યારે કાર તેમનો ડ્રાઈવર ચલાવતો હતો અને પોતે કારમાં ન હતા.

## મીરા એર્ડાએ LGBF4માં વિમેન્સ કેટેગરી જીતી

જેકે ટાયર નેશનલ રેસિંગ ચેમ્પીયનશીપની ભવ્ય ફિનાલેમાં રેડ બુલ એથલેટ મીરા એર્ડાએ સપ્તાહના અંતમાં LGB F4 માં વિમેન્સ કેટેગરી જીતી લીધી હતી અને પોતાની જાતને રેસ ૧ માં અને રેસ ૨ માં ટોચની ૧૦માં મુકી દીધી હતી. અને રેસ ૩માં તેણીએ ૬ઠ્ઠુ સ્થાન હાંસલ કર્યુ હતુ. ‘‘વિમેન્સ કેટેગરી જીતતા મને ઘણી ખુશી થઈ છે. પરંતુ તેના કરતા વધુ તો LGB F4 ની એકંદર કેટેગરીમાં બુદ્ધ ઈન્ટરનેશનલ સર્કિટ ખાતે મારૂ શ્રેષ્ઠ પર્ફોમન્સ દર્શાવવાનો મારો મુખ્ય લક્ષ્યાંક રહ્યો હતો.

## પ્રોક્ટર એન્ડ ગેમ્બલ ઈન્ડિયાએ ૨૦૦ કરોડના એન્વાયર્નમેન્ટ સસ્ટેનેબિલિટી ફંડની ઘોષણા કરી

પ્રોક્ટર એન્ડ ગેમ્બલ (પીએન્ડજી) ઈન્ડિયા દ્વારા પર્યાવરણીય સક્ષમ નિવારણો પ્રદાન કરવા માટે બહારી ભાગીદારો સાથે સહયોગમાં રૂ. ૨૦૦ કરોડનું એન્વાયર્નમેન્ટલ સસ્ટેનેબિલિટી ફંડ સ્થાપ્યું હોવાની ઘોષણા કરી છે. આ ઘોષણા સાથે પીએન્ડજીએ તેની પીએન્ડજી વીગ્રો એક્સટર્નલ બિઝનેસ પાર્ટનર સમિટની બીજી આવૃત્તિ પણ રજૂ કરી છે. વીગ્રો ઉદ્યોગ અવ્વલ નિવારણો આપતા વેપારો અને વ્યક્તિગતોને ઓળખવા અને તેમની સાથે સહયોગ કરવા માટે પીએન્ડજીનું અનોખુ મંચ છે. પીએન્ડજી સીઈઓ મધુસૂદન ગોપાલને જણાવ્યું હતું કે પર્યાવરણીય સક્ષમતા અમારા નાગરિકત્વના પ્રયાસોનો મુખ્ય પાયો છે અને અમારી વેપારી વ્યૂહરચનાનો તે ભાગ છે. અમે જાણીએ છીએ કે સૌથી મોટો પડકારોનો ઉકેલ લાવવા માટે એવા જોડાણની આવશ્યકતા છે, જે લોકો, પૃથ્વી અને આપણા વેપારને ભાર આપવા પર અભિમુખ બનાવે.

## નોકરી પાછી આપો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીએ પહોંચ્યા હતા. આ દરમિયાન આ કર્મચારીઓએ મેયર તેમજ મ્યુનિ કમિશ્નરને નોકરી પર પરત લેવા માટે માંગણી કરી હતી. આ કર્મચારીઓએ આ તબક્કે રજુઆતમાં જણાંવ્યુ હતુ કે અમે સામાન્ય પરિવારમાંથી આવીએ છીએ જેના લીધે તેમનો પરિવાર ચાલે છે. છેલ્લા આઠ દસ વર્ષથી કોર્પોરેશનમાં ફિલ્ડ વર્કર તરીકે કામ કરે છે. હાલ પાંચ કર્મચારીઓને મેલેરિયા યોજનામાં આઉટ સોર્સિંગ મારફતે રજા સહીતનો લાભ આપી સમાવેશ કરવામાં આવ્યો છે. આવી રીતે તેમને પણ કોર્પોરેશનમાં સમાવી લેવા પણ રજુઆત કરવામાં આવી છે. આ અંગે ફીલ્ડ વર્કરોએ મ્યુનિ કમિશ્નર તેમજ મેયરને આવેદન પત્ર આપી તેમની લાગણી અને માંગણી રજુ કરી છે. ગાંધીનગરમાં મેલેરિયા નાબુદી માટે પ્રયાસો હાથ ધરાયા છે. ત્યારે રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે તેમના ફિલ્ડ વર્કના અનુભવનો લાભ લઈ વસતી અને વિસ્તાર મુજબ યોગ્ય કામગીરી થઈ શકે તે માટે આ ફિલ્ડ વર્કરોની રોજગારી ન છીનવાય તેવી પણ માંગણી રજુ કરવામાં આવી છે.

## કાર્યક્રમ યોજવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૪ ખાતે અર્બન હેલ્થ સેન્ટરો , સરકારી દવાખાનાઓ અને મંદિરો આવેલા છે. આ સ્થળો પર સેવા સેતુ કાર્યક્રમ રાખી શકાય તેમ છે. જયારે સ્થાનિકોની લાગણી પણ સંતોષાય તેવા આશયથી વોર્ડ નં -૮ માં સેવા સેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે તેમ પણ રજુઆતમાં જણાંવાયુ છે.

## બિઝનેસ સમિટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા વ્યવસાયિક નેટવર્ક પુરૂ પાડવાની વિશેષ તક સમાન બની રહેશે જેમાં બ્રહ્મ વ્યવસાયકારોના આશરે ૨૦૦ જેટલા વિવિધ ઉત્પાદનોના સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યાં છે. બિઝનેસ સમિટમાં ૧૫૦૦થી વધુ નાના-મોટા કદના બ્રહ્મ વ્યવસાયકારો, ઉદ્યોગકારો અને કંપનીઓ મળીને ભાગ લઈ રહી છે જે સમિટની ફલશ્રુતિ સ્વરૂપે ૧૦ હજારથી વધુ બ્રહ્મ બેરોજગારોને રોજગારી પુરી પાડશે.

બિઝનેસ સમિટની સાથે સાથે ‘‘બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨’’ એનાયત સમારંભ પણ સમાપને યોજાશે જેમાં વિશિષ્ટ સરકારી પદે નોકરી મેળવનારા બ્રાહ્મણોનું એવોર્ડ આપી સન્માન કરાશે. આ સાથે અલગ અલગ ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરનારા બ્રાહ્મણોનું પણ એવોર્ડ-પ્રમાણપત્ર આપી સન્માન કરાશે. એવોર્ડ વિતરણ સમારંભ દરમ્યાન મેગા સાંસ્કૃતિક મ્યુઝિકલ નાઈટનું આયોજન કરાયુ છે. જેમાં ફિલ્મ કલાકારો-પ્રતિભાઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને ગ્લેમર પુરૂ પાડશે. બિઝનેસ સમિટ દરમ્યાન મુલાકાતીઓના બાળકો માટે મનોરંજન પાર્કનું પણ આયોજન કરવામાં આવશે.

## માન્યતા રદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છોડવાની માંગ કરી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓના આજના સૂત્રોચ્ચાર-ધરણાંના વિરોધદર્શક કાર્યક્રમોને લઈ વિવાદ વધુ ગરમાયો હતો. વાલીઓમાં ભારોભાર આક્રોશ પ્રવર્તતો હતો કે, ડીપીએસ સ્કૂલના સત્તાધીશોના પાપનો ભોગ શા માટે નિર્દોષ વિદ્યાર્થીઓ અને વાલીઓ બને. મેનેજમેન્ટની ભૂલ હોય તો મેનેજમેન્ટ જેલમાં જાય પરંતુ સરકાર સમગ્ર મામલે દરમ્યાનગીરી કરી ન્યાય અપાવે. બીજીબાજુ, ડીપીએસ વિવાદમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ હૈયાધારણ આપતાં જણાવ્યું કે, એકાદ-બે દિવસમાં યોગ્ય નિરાકરણ લાવવાનો સરકાર પ્રયાસ કરશે. જો કે, ડીપીએસનું એફિલીએશન સીબીએસઇ બોર્ડ સાથે છે, ગુજરાત બોર્ડ સાથે નહી તેથી સરકાર તેની મર્યાદામાં રહીને પણ વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતમાં નિરાકરણ લાવવાનો પ્રયાસ કરશે. ડીપીએસ સ્કૂલ ચાલુ કરવાની માંગ સાથે આજે વાલીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉત્તમનગર ગાર્ડન એકત્ર થઈને જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) ઓફિસે પહોંચ્યા હતા. વાલીઓએ માંગ કરી હતી કે સ્કૂલ ચાલુ રાખવાની લેખિત બાંહેધરી આપવામાં તો જ સંકુલ છોડશે. વાલીઓએ જણાવ્યું કે, અન્ય સ્કૂલોએ ડીપીએસના સ્ટુડન્ટને પ્રવેશ નહીં આપે તેવા બોર્ડ લગાવી દીધા છે. જેથી અન્ય સ્કૂલોમાં બાળકોને પ્રવેશ ન મળતો હોવાથી જ્યાં સુધી સ્કૂલ ચાલુ નહીં કરવામાં નહીં આવે ત્યાં સુધી વાલીઓ પરિસર નહીં છોડે તેમ જણાવ્યું હતું.

## એસપીજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલીક બાબતોને લઈને ભ્રમની સ્થિતિ છે. મિડિયામાં પણ ભ્રમની સ્થિતિ છે. કેટલાક લોકો કહી રહ્યા છે કે, આ બિલને એક પરિવારને ધ્યાનમાં લઈને લાવવામાં આવ્યું છે. ગાંધી પરિવારના ત્રણ સભ્યોને ધ્યાનમાં લઈ આ બિલ લાવવામાં આવ્યું છે પરંતુ હકીકતમાં ગાંધી પરિવારને ધ્યાનમાં લઈને આ બિલ લાવવાના આરોપો આધારવગરના છે. ગાંધી પરિવારની એસપીજી સુરક્ષા અને આ બિલ વચ્ચે કોઈપણ પ્રકારના સંબંધ નથી. ગાંધી પરિવાર પર સ્ટેટસ સિમ્બોલ માટે એસપીજી સુરક્ષા રાખવાના આરોપ લગાવતા અમિત શાહે કહ્યું હતું કે, એસપીજી એક્ટમાં ચાર વખત સુધારા કરવામાં આવી ચુક્યા છે. આ પાંચમી વખત સુધારા કરાયા છે. પાંચમી વખત સુધારા કોઈ પરિવારને ધ્યાનમાં લઈને કરાયા નથી. આ પહેલા જ સમીક્ષા કરીને તેમને એસઆરપીએફ ઝેડ પ્લસ સુરક્ષા આપવામાં આવી હતી. જેએએસએલ અને એમ્બ્યુલન્સ સાથે હોય છે. આ ચોવીસ કલાકની સુરક્ષા છે. કોઈપણ વ્યક્તિને આપવામાં આવેલી સૌથી મોટી સુરક્ષા છે. અમિત શાહે કહ્યું હતું કે, સુરક્ષા ક્યારે પણ સ્ટેટસ સિમ્બોલ હોઈ શકે નહીં. એસપીજી કેમ હોઈ શકે છે.

દેશના વડાપ્રધાનથી વધારે કોઈ સામાન્ય વ્યક્તિને ખતરો હોઈ શકે છે. રામ મંદિર આંદોલનના સમયે અશોક સિંઘલને તત્કાલિન વડાપ્રધાન કરતા પણ વધારે ખતરો હતો પરંતુ તેમને એસપીજીની સુરક્ષા અપાઈ ન હતી. એસપીજી વડાપ્રધાન માટે બની છે.

## રીઝર્વ સીટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાઉન્ટરની પણ હવે વ્યવસ્થા જોવા મળશે. અહીં ઓળખ પત્ર જોઈને આપના ફોટો પાડી લેવામાં આવશે. ત્યારબાદ આપના વોટેસ એપ નંબર પર ડિજિટલ ટિકિટ જેમાં આપના ફોટો રહેશે તેને મોકલી દેવામાં આવનાર છે. રેલવે દ્વારા એક પછી એક નવી યોજના શરૂ કરવામાં આવી રહી છે. યાત્રીઓની સુવિધા વધારી દેવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. રેલવેને હાલમાં ભારે નુકસાન થઇ રહ્યુ હોવા છતાં રેલવે દ્વારા યાત્રી સુવિધા પર ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. ટ્રેનના જનરલ કોચમાં પણ રીઝર્વ સીટ હવે મળી જશે. હાલમાં જારી કરવામાં આવેલા હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતીય રેલવેની કમાણી ૧૦ વર્ષની નીચી સપાટી ઉપર પહોંચી ચુકી છે. રેલવેના સંચાલન રેશિયો અથવા તો ઓપરેટિંગ રેશિયો નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં ૯૮.૪૪ ટકા સુધી પહોંચી ગયો છે.

## વિક્રમ લેન્ડર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉજ્જળ પિક્સલ ઓળખાણ તરીકે હતી. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કાટમાળના ત્રણ સૌથી મોટા ટુકડા બે ગુણ્યા બે પિક્સલના છે. ઓક્ટોબર મહિનામાં નાસાએ નિવેદન જારી કરીને કહ્યુ હતુ કે તેમને ઓર્બિટરથી મળેલા નવેસરના ફોટામાં ચન્દ્રયાન-૨ ના લેન્ડર અંગે કોઈ માહિતી મળી નથી. નાસાએ કહ્યુ હતુ કે જે સમય અમારા ઓર્બિટરે ફોટો લીધા હતા ત્યારે લેન્ડર કોઈ છાયડાના કારણે સંતાઈ ગયુ હતુ. નાસાના એક પ્રોજેક્ટ વૈજ્ઞાનિકે એ વખતે કહ્યુ હતુ કે અમારા ઓર્ટિબરે ૧૪મી ઓક્ટોબરના દિવે ચન્દ્રયાન-૨ ના વિક્રમ લેન્ડિંગના સ્થળ ફોટો લીધા હતા. ત્યાં એવા કોઈ ફોટો મળ્યા ન હતા.

## તોડી નાંખી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ જોતા પીએમ મોદીએ ઝારખંડમાં કાશ્મીરકાર્ડ ચલાવ્યો છે.

વડાપ્રધાને રામમંદિર ચુકાદાનો ઉલ્લેખ કરીને કહ્યું કે કોંગ્રેસે પોતાના રાજમાં રામ જન્મભૂમિના મુદ્દાને લટકાવી રાખ્યો હતો, પરંતુ ભાજપે તેનો પણ શાંતિપૂર્ણ રીતે ઉકેલી લાવીને હવે રામમંદિર અયોધ્યામાં જ બને તેવો માર્ગ સરળ કર્યો છે. ભગવાન શ્રીરામે વનવાસ માટે અયોધ્યા છોડ્યું ત્યારે રામ એક રાજકુમાર હતા, પરંતુ જ્યારે તેઓ વનવાસથી પાછા આવ્યા ત્યારે મર્યાદા પુરુષોત્તમ રામ બન્યા હતા. આમ શ્રીરામને મર્યાદા પુરૂષોત્તમ બનાવવામાં આદિવાસીઓની મહત્વની ભૂમિકા હતી.